## અધિક પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટશ્રી, ગુજરાત રાજ્ય‘,જેલ ભવન,’ સુભાષ બ્રિજ સર્કલ પાસે,અમદાવાદ- ૨૭

તારીખઃ-૩૧/૦૮/૨૦૨૧

“જેલઃ ઈતિહાસ અને વર્તમાન” પુસ્તક નું વિમોચન




જેલ
ઇતિહાસ અને વર્તમાન
ગુજરાત રાજ્યની
જેલોના સંદર્ભે
વિશેષ અભ્યાસ

## માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે “ જેલનઃ ઇતિહાસ અને વર્તમાનની “ પુસ્તકનું વિમોચન કરેલ.







GUJARAT


GUJARAT

# <u>પ્રેસ નોટ</u>

"જેલ: ઇતિહાસ અને વર્તમાન" પુસ્તક તાજેતરમાં જ જેલ અને સુધારાત્મક વહિવટ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા અધિક પોલીસ મહાનિદેશકશ્રી ડૉ.કે.એલ.એન.રાવ(IPS) ના સક્ષમ નેતૃત્વ હેઠળ પ્રકાશિત કરવામાં આવેલ છે. પુસ્તક વિમોચન સમારોહ ૩૧/૦૮/૨૦૨૧ ના રોજ ૧૦:૪૫ કલાકે માન.મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાન ખાતે યોજવામાં આવ્યો હતો. જે દરમ્યાન માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ છે. વિમોચન કાર્યક્રમમાં માનનીય રાજ્ય મંત્રી(ગૃહ) શ્રી પ્રદિપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિત રહેલ હતી. આ ઉપરાંત ગુજરાતના સરકારના અધિક મુખ્ય સચિવ(ગૃહ) શ્રી પંકજકુમાર(IAS), અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપ્રિટેન્ડન્ટ રોહન આનંદ(IPS), પ્રિન્સીપાલ શ્રી નાસિરૂદીન લોહાર સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થતિ રહ્યા હતા.

- પુસ્તક વિમોચન પ્રસંગે માન.મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી દ્વારા જેલ: ઇતિહાસ અને વર્તમાન પુસ્તક સંદર્ભે પોતાનો મત વ્યકત કરતા સહર્ષ જણાવ્યું હતુ કે, આઝાદીના સંગ્રામ સમયથી તથા ઐતિહાસિક જેલોથી માંડીને રાજ્યની આજની હાઇ-ટેક સુવિધાઓથી સજ્જ જેલો અને તેમાં રહેલા બંદિવાનોને આપવામાં આવતી સવલતોની અગત્યની અને દુર્લભ માહિતી આ પુસ્તક થકી સમાજ સુધારકો અને જિજ્ઞાસુઓ માટે ઘણી ઉપયોગી નિવડશે.

- તેમણે ઉમેર્યું હતુ કે, જેલોના વડા અને અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ડૉ.કે.એલ.એન.રાવ અને તેઓની ટીમ તરફથી ઊંડાણપૂર્વકના સંસોધન બાદ ગુજરાત જેલ અને સુધારાત્મક વહિવટ વિશેનું આ માહિતીસભર પુસ્તક પ્રકાશિત થતા રાજ્યની જેલોની સુઆયોજીત માહિતી પ્રથમ વાર વાચકો સમક્ષ મુકવામાં આવેલ છે. તેમજ આ પુસ્તકનો મુખ્ય અંશ ગુજરાત ભરની જેલો છે અને તેની આગવી વિશેષતાઓને ખુબ સુંદર રીતે આલેખાઈ છે.

- તેમણે વધુમાં ઉમેર્યું હતુ કે, જેલોના વડા તરીકે શ્રી ડૉ.કે.એલ.એન રાવ દ્વારા જેલો વિશેના છૂટાછવાયા સાહિત્યમાં સંસોધન કરી પુસ્તક સ્વરૂપે તૈયાર કરવા અને તેના દસ્તાવેજીકરણ કરવા માટે દેશના ઇતિહાસમાં આ પહેલો નવતર પ્રયોગ કરવામાં આવેલ છે. જેના થકી રાજ્ય સરકારમાં કાર્યરત તમામ વિભાગોને પણ જેલ વિશેનું સાહિત્ય અને માહિતી સરળતાથી પુસ્તક સ્વરૂપે મળી રહેશે. જેલોના વડા શ્રી ડૉ.કે.એલ.એન.રાવની આ ભગીરથ કામગીરીથી તૈયાર થયેલ “જેલ-ઇતિહાસ અને વર્તમાન” પુસ્તકનું પ્રકાશન પ્રશંસનીય છે. જે બદલ પુસ્તકની સફળતા માટે શુભેચ્છા પાઠવું છુ.